## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: _______________

**પાઠયક્રમ** : ધંધાકીય વ્યવસ્થા **(ECO-01)** **Numerical Code: 0011**

**તારીખ** : **05/03/2015**

**સમય** : **11.00 to 12.30**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્ન-1** ધંધો એટલે શું? ધંધાના આવશ્યક લક્ષણો ચર્ચો. **(10)**

**અથવા**

શેર બજાર એટલે શું? શેરબજારના કાર્યો સમજાવો.

**પ્રશ્ન-2** જાહેરાતનો અર્થ આપી જાહેરાતના ઉદ્દેશો લખો. **(10)**

**અથવા**

ખાનગી ધંધા પર સરકારી અંકુશના કારણો ચર્ચો.

**પ્રશ્ન-3** **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(10)**

1. ભાગીદારી પેઢીના ફાયદા
2. મૂડી માળખુ ઘડનારા પરિબળો
3. જાહેરાતના માધ્યમોના પ્રકારો
4. ધંધાકીય સંયોજનના કારણો
5. સરકારી કંપનીના ફાયદા

**પ્રશ્ન-4** **બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

1. બેકિંગનો ધંધો કરતી ભાગીદારી પેઢીમાં ભાગીદારોની મહતમ સંખ્યા........

   A. 2 B. 20 C. 10 D. 50

2. કંપની જાહેર થાપણો દ્વારા વધુમાં વધુ કેટલા વર્ષ માટે ધિરાણ મેળવી શકે?

   A. 1 વર્ષ B. 3 વર્ષ C. 2 વર્ષ D. 5 વર્ષ

3. ઉત્પાદકો મૂડીનો ઉપયોગ કયા કાર્યો માટે કરે છે, જેથી વધુ નફાકારકતા પ્રાપ્ત કરી શકે?

   A. ઉત્પાદન B. માલસામગ્રી C. સંચાલન D. પ્રચાર–પ્રસાર

4. ભારતમાં ઈજારાયુકત સંગઠનનું વિસ્તરણ કયા કાયદાની જોગવાઈઓ અનુસાર નિયંત્રિત થાય છે.

   A. B.R.T.S B. M.R.T.P C. Company Act. D. F.I.C.C.I

5. 1956ના ઔદ્યોગિક નીતિ ઠરાવ પ્રમાણે ઉદ્યોગોનું વર્ગીકરણ કેટલા વિભાગમાં કરવામાં આવે છે?

   A. 1 B. 2 C. 3 D. 4

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: ______________

**પાઠયક્રમ** : નામા પદ્ધતિ– I **(ECO-02)** **Numerical Code: 0012**

**તારીખ** : **05/03/2015**

**સમય** : **12.30 to 2.00**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્ન-1 બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

1. આડતમાલના હિસાબોના સંદર્ભમાં નીચેના પૈકી કયું ખાતું માલધણીના ચોપડે ખોલવામાં આવતું નથી.
   A. આડતમાલ ખાતું B. આડત ખાતું C. આડતિયાનું ખાતું D. આડત પર મોકલેલ માલખાતું
2. શરૂઆતનું સ્થિતિ દર્શક પત્રક શા માટે તૈયાર કરવામાં આવે છે
   A. નફો–નુકશાન શોધવા B. રોકડ સિલક શોધવા C. મિલ્કતો શોધવા D. શરૂની મૂડી શોધવા
3. જો વેચાણ પર કાચા નફાનો દર 20% હોય અને વેચેલ માલની પડતર રૂ. 80000 હોય તો કુલ વેચાણ..........
   A. રૂ. 1,60,000 B. રૂ. 1,00,000 C. રૂ. 20,000 D. રૂ. 96,000
4. ઘાલખાધ પરત કયા ખાતે જમા કરવામાં આવે છે.
   A. દેવાદાર ખાતે B. લેણદાર ખાતે C. રોકડ ખાતે D. ઉપરમાંથી એકપણ નહીં
5. બેંક ખાતું કયા પ્રકારનું ખાતું કહેવાય.
   A. માલ–મિલકત પ્રકારનું B. ઉપજ–ખર્ચ પ્રકારનું C. વ્યકિત પ્રકાર D. ઉપરમાંથી એકપણ નહીં

**પ્રશ્નઃ–2 નીચેના દાખલા ગણો. (ગમે તે બે)** **(16)**

(અ) અમદાવાદના A એ રૂ. 50000નો માલ કાલીકરના B ને આડતથી વેચવા મોકલ્યો. માલ મોકલતાં રેલ્વેનુર અને મજુરીના રૂ. 4000 ચૂકવ્યા. B એ A ની લખેલી રૂ. 20000ની હૂંડી સ્વીકારી જે A એ રૂ. 600 વટાવ આપી વટાવી. B એ માલ છોડાવતાં રૂ. 2000 ખર્ચ કર્યો તેમણે બધો જ માલ રૂ. 70000 માં વેચી દીધો તેમને વેચાણ પર 5% આડત આપવાની છે. B એ આડતની રકમ કાપી લઈ બાકીની રકમનો ડ્રાફટ A ને મોકલ્યો આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવો. (Aના ચોપડે)

(બ) જમનાદાસ 1 લી જાન્યુઆરી 2010ના રોજ રૂ. 50000ની કિંમતનું યંત્ર ખરીધ્યું યંત્ર પર ઘટતી જતી બાકીની પદ્ધતિએ 10% લેખે ઘસારો ગણવામાં આવે છે. તા. 1 લી જુલાઈ 2014 ના રોજ આ યંત્ર રૂ. 32000 માં વેચવામાં આવ્યું. દર વર્ષે હિસાબી વર્ષ 31 મી માર્ચના રોજ પૂરું થાય છે એમ ધારી યંત્ર ખાતું બનાવો.

(ક) **સમજાવો.**
1. એકનોંધી પદ્ધતિ
2. સંયુકત રાશ ખાતું

**પ્રશ્નઃ–3 નીચેના વ્યવહારો પરથી યોગ્ય પેટાનોંધ તૈયાર કરો. (ગમે તે બે)** **(14)**

(અ) જુલાઈ-2014

| | | |
|---|---|---|
| તા. 1 | રામપાલને માલ વેચ્યો | 2600 |
| 2 | ધનલાલ પાસેથી માલ ખરીદ્યો | 1800 |
| 3 | ગોપીનાથને માલ વેચ્યો | 1200 |
| 4 | હબીબ પાસેથી માલ ખરીદ્યો | 2200 |
| 6 | ધનપાલને માલ પરત મોકલ્યો | 600 |
| 8 | રામપાલે માલ પરત મોકલ્યો | 800 |
| 10 | સન્યાલ પાસેથી રૂ. 4000નો માલ ખરીધ્યો અને સુનિલને તે જ માલ રૂ. 5000 માં વેચ્યો. | |
| 14 | સુનિલે રૂ. 1000 નો માલ પરત કર્યો તે માલ સન્યાલ ને પરત મોકલ્યો | |

(બ) મનોજ બ્રધર્સ આપમેળી ખાતાવાહી પદ્ધતિ અનુસાર ખાતાં રાખે છે નીચેની માહિતી પરથી સામાન્ય ખાતાવહીમાં વેચાણ ખાતાવાહી, હવાલા ખાતું અને ખરીદ ખાતાવહી હવાલા ખાતું બનાવો.

દેવાદારો (1/1/14) -4575
વટાવ મળ્યો–67
વટાવ આપ્યો–45
દેવાદારોએ હૂંડી સ્વીકારી–850
લેણદારો (1/1/14)-5490
લેણદારોની દૂડી સ્વીકારી–200

**અન્ય વ્યવહારો:**

ઉધાર ખરીદી–2050
આવક માલ પરત–40
ગ્રાહક પાસેથી રોકડ મળી–2550
ઉધાર વેચાણ–2270
જાવક માલ પરત–60
વેપારીને રોકડ ચૂકવી–3070
નકારાયેલી લેણીહૂંડી–1200
દેવીહૂંડી નકારી–300
ગ્રાહક ખાતે ઉધારેલ ખર્ચ–250
લેણદાર પાસેથી કસર–28

(ક) **સમજાવો.**

1. મૂડી અનામત અને મહેસૂલી અનામત
2. આવક–જાવક ખાતું અને ઊપજ ખર્ચ ખાતું (તફાવત)

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: ______________

**પાઠયક્રમ** : મૅનેજમેન્ટના સિદ્ધાંતો **(ECO-03)** **Numerical Code: 0013**

**તારીખ** : **08/03/2015**

**સમય** : **11.00 to 12.30**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્નઃ–1** સંચાલનના સિદ્ધાંતોનો અર્થ આપી તેના મુખ્ય લક્ષણો ચર્ચો. **(10)**

**અથવા**

ઔપચારિક અને અનૌપચારિક વ્યવસ્થાતંત્રની સમજણ આપીને બંનેનો તફાવત જણાવો.

**પ્રશ્નઃ–2** દોરવણીના સિદ્ધાંતો સમજાવી તેના લક્ષણો અને મહત્વ જણાવો. **(10)**

**અથવા**

સંકલનનું મહત્વ સમજાવી તેના ઉદ્દેશો ચર્ચો.

**પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ)** **(15)**

1. સંચાલન – એક વિજ્ઞાન અને કળા તરીકે
2. વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતાઓ
3. આદર્શ સુપરવાઈઝરના ગુણો
4. અંકુશનું મહત્વ
5. કર્મચારીની પસંદગી
6. ધંધાકીય એકમની વ્યુહરચના

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**
નોંધણી નંબર: _______________
**પાઠયક્રમ** : નામાપદ્ધતિ – II **(ECO-04)** **Numerical Code: 0014**
**તારીખ** : **05/03/2015**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : (1) પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલ છે. **કુલ ગુણ : 70**
(2) વિભાગ–અ માં પ્રશ્ન-1 ફરજીયાત છે બાકીના ગમે તે ત્રણના જવાબ આપો.
(3) વિભાગ–બ ના બંને પ્રશ્નો ફરજીયાત છે.

---

**વિભાગ – અ**

**પ્રશ્નઃ–1 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(08)**

1. પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ
2. ભાગીદારી કરારપત્ર
3. નાણાંકીય ગુણોત્તરોની મર્યાદાઓ
4. નોંધણીનું પ્રમાણપત્ર

**પ્રશ્નઃ–2** પ્રણાલી લિમીટેડે રૂા. 10 નો એક એવા 20,000 શેરોમાં શેરદીઠ રૂા. 3ના પ્રિમીયમથી શેર બહાર પાડયા. શેર પર અરજી વખતે રૂા. 5, મંજૂરી વખતે રૂા. 6 (પ્રિમીયમ સહિત) અને બાકીની રકમ શેરનાં પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે ચૂકવવાની હતી. કંપનીને 30,000 શેર માટે અરજીઓ મળી. ડિરેકટરો એ 16000 શેર માટેના અરજદારોની અરજી પૂરેપૂરી મંજૂર રાખી, 8000 શેરનાં અરજદારો વચ્ચે 4000 શેરોની ફાળવણી કરી અને અરજી સાથે મળેલા વધારાના નાણાં મંજૂરી ખાતે લઈ ગયા, અને બાકીની અરજીઓ નામંજૂર કરી તેના નાણાં પરત ચૂકવી આપ્યા. તમામ લેણી રકમ સમયસર મળી ગઈ હતી. **(14)**
કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી શેરમૂડી નોંધ પાકા સરવૈયામાં દર્શાવો.

**પ્રશ્નઃ–3** શ્રીમાન સાગરસિંહ વાઘેલા ભાડે ખરીદ પદ્ધતિ પ્રમાણે માલ વેચે છે. ભાડે અરીદ કિંમત પડતરમાં 50% રકમ ઉમેરીને નક્કી કરવામાં આવે છે. વર્ષ 2013-14નાં વર્ષ માટે ભાડે ખરીદનાં ધંધાને લગતા આંકડા નીચે મુજબ હતાં **(14)**

| **વિગત** | **રકમ રૂા.** |
|---|---|
| ભાડે ખરીદનો શરૂનો સ્ટોક | 36,000 |
| ભાડે ખરીદ દેવાદારોની શરૂની બાકી | 900 |
| ભાડે ખરીદથી વેચેલ માલ (ભાડે ખરીદ કિંમત) | 2,71,800 |
| વર્ષ દરમ્યાન મળેલ રોકડ | 2,77,200 |
| 2013-14 ના વર્ષ દરમ્યાન લેણા થયેલ હપ્તા | 2,78,100 |

એક ગ્રાહક જેને રૂા. 3600ના માલનું વેચાણ કરવામાં આવ્યું હતું. તેણે રૂા. 300 નો એક એવા ત્રણ હપ્તા ચૂકવ્યા ચોથો હપ્તો 1 માર્ચ 2014 ના રોજ લેણો થયો જે ચૂકવી શકયો નહી. યોગ્ય કાયદાકીય નોટિસ આપીને તેને વેચેલા માલનો કબજો 27/03/2014 ના રોજ પુનઃ સંભાળી લેવામાં આવ્યો હતો. 31 માર્ચ 2014ના રોજ પૂરા થતા વર્ષ માટે સ્ટોક અને દેવાદારોની પદ્ધતિ અનુસાર જરૂરી ખાતા તૈયાર કરો.

**પ્રશ્નઃ–4** અકો, મકો ચકો અને બકો અનુક્રમે 3:3:2:2 ના પ્રમાણમાં નફો–નુકશાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો હતા તેમની પેઢીનું તા. 31/03/2014 ના રોજ વિસર્જન થયું તે તારીખનું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. **(14)**

| **જવાબદારીઓ** | **રકમ □** | **મિલકતો** | **રકમ □** |
|---|---|---|---|
| **મૂડી ખાતાં** | | હાથ પર રોકડ | 3,000 |
| અકો 21,000 | | દેવાદારો | 16,000 |
| મકો 12,000 | 33,000 | સ્ટોક | 22,000 |
| સામાન્ય અનામત | 20,000 | ફર્નિચર | 7,000 |
| લેણદારો | 18,000 | **મૂડી ખાતાં** | |
| | | ચકો 16,000 | |
| | | બકો 7,000 | 23,000 |
| | 71,000 | | 71,000 |

દેવાદારોના રૂા. 12,000, સ્ટોકના રૂા. 16,000 અને ફર્નિચરના રૂા. 5,000 ઉપજયાં લેણદારોને પૂરી રકમ ચૂકવી મરામત ખર્ચનું બાકી બિલ રૂા. 3,500 ચોપડે નોંધાયું ન હતું. ભાગીદારોની સંયુકત જીવન વિમા પોલીસી જે રૂા. 20,000 ની હતી. તે વીમા કંપનીને સોંપી દીધી, શરણ મૂલ્ય રૂા. 3,500 થયું. વિસર્જન ખર્ચ રૂા. 500 થયો. ચકો નાદાર જાહેર થયો, તેની અંગત

મિલકતોમાંથી રૂા. 4200 વસૂલ કરી શકાયા હતા. ગાર્નર વિરુદ્ધ મૂરેનાં ચૂકાદા અનુસાર પેઢીના હિસાબી ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો.

**પ્રશ્ન:–5** સમીર લિમીટેડનું 31/03/2014ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. **(14)**

| જવાબદારી | રકમ | મિલકતો | રકમ |
|---|---|---|---|
| ઈકિવટી શેરમૂડી<br>7%ની પ્રેફ. શેરમૂડી<br>અનામતો વધારો<br>6% નાં ડિબેન્ચર્સ<br>લેણદારો<br>બેંક ઓવરડ્રાફટ | 10,00,000<br>3,00,000<br>1,50,000<br>8,00,000<br>3,00,000<br>50,000 | કાયમી મિલકતો<br>સ્ટોક<br>દેવાદારો<br>બેંક<br>રોકડ | 17,00,000<br>4,00,000<br>3,00,000<br>1,50,000<br>50,000 |
| | 26,00,000 | | 26,00,000 |

તમારે નીચે મુજબના ગુણોત્તરોની ગણતરી કરવાની છે.

1. ચાલુ ગુણોત્તર
2. પ્રવાહી ગુણોત્તર
3. દેવા. માલિકીના ભંડોળો (ઈકિવટી) ગુણોત્તર
4. માલિકી ગુણોત્તર
5. મૂડી–ગિયરીંગ ગુણોત્તર
6. સ્ટોક ગુણોત્તર (વેચેલ માલની પડતર રૂા. 10,00,000 છે)

**પ્રશ્ન:–6** જયદીપ લિમિટેડની નીચેની વિગતો પરથી રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો. **(14)**

| જવાબદારીઓ | 31/12/2012 | 31/12/2013 | મિલકતો | 31/12/2012 | 31/12/2013 |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | 3,50,000 | 4,40,000 | કાયમી મિલકતો | 4,00,000 | 5,00,000 |
| ડિબેન્ચર્સ | 60,000 | 40,000 | આખર સ્ટોક | 4,000 | 5,000 |
| ડિવિડન્ડ (ભલામણ કરેલ) | 40,000 | 35,000 | દેવાદારો | 70,000 | 60,000 |
| ન. નું. ખાતું | 50,000 | 65,000 | લેણીહૂંડી | 20,000 | 30,000 |
| લેણદારો | 34,000 | 40,000 | રોકડ | 40,000 | 25,000 |
| | 5,34,000 | 6,20,000 | | 5,34,000 | 6,20,000 |

વર્ષ દરમ્યાન ચૂકવેલ ડિવિડન્ડ રૂા. 15,000 છે.

**વિભાગ – બ**

**પ્રશ્ન:–7 ગમે તે બે ના ઉત્તરો લખો.** **(10)**

1. એકાઉન્ટન્સી અને ઑડીટીંગ વચ્ચે તફાવત લખો.
2. આંતરિક ઑડિટનાં હેતુઓ
3. ઑડિટ શરૂ કરતા પૂર્વે ધ્યાનમાં રાખવાના મુદ્દા
4. પ્રાયોગિક તપાસમાં રાખવી પડતી સાવચેતીઓ

**પ્રશ્ન:–8 નીચેનાનું વાઉચિંગ તમે કેવી રીતે કરશો?** **(10)**

1. મળેલુ કમિશન
2. મજૂરી
3. મુસાફરી ખર્ચ
4. લેણદારોને રોકડ ચૂકવણી

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: _______________

**પાઠયક્રમ** : વેપારી કાયદો **(ECO-05)** **Numerical Code: 0015**

**તારીખ** : **08/03/2015**

**સમય** : **12.30 to 02.00**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્નઃ–1** ભાગીદારી એટલે શું? ભાગીદારની ફરજો અને જવાબદારીઓ વર્ણવો. **(10)**

**અથવા**

વિનિમય પત્ર એટલે શું? અપૂર્ણ વિનિમય પત્રો અને સંદિગ્ધ વિનિમય પત્રોને લગતી કાયદાની જોગવાઈઓ સમજાવો.

**પ્રશ્નઃ–2** દરખાસ્ત એટલે શું? કાયદેસર દરખાસ્તનાં આવશ્યક તત્ત્વો ચર્ચો. **(10)**

**અથવા**

એજન્સીના કરારનો અંત લાવવાની વિવિધ રીતો જણાવો. એજન્સી કયારે રદ ન થઈ શકે તેવી ગણાય?

**પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ)** **(15)**

1. ગેર રજૂઆત
2. જામીનગીરીનાં આવશ્યક તત્ત્વો
3. વેચાણ કરારમાં માલિકીની તબદીલી
4. કાયદેસર ચેકના ગુણધર્મો
5. અયોગ્ય લાગવગ
6. કવોન્ટમ મેરિટ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: ______________

**પાઠયક્રમ** **:** અર્થશાસ્ત્રના સિદ્ધાંતો **(ECO-06)** **Numerical Code: 0016**

**તારીખ** **: 09/03/2015**

**સમય** **: 11.00 to 12.30**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્નઃ–1** અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓ ચર્ચો. **(10)**

**અથવા**

તૃષ્ટિગુણનો અર્થ આપી? ઘટતા સીમાન્ત તૃષ્ટિગુણનો નિયમ સમજાવો.

**પ્રશ્નઃ–2** ઉત્પાદનનો અર્થ આપી ઉત્પાદનનો સિદ્ધાંત સમજાવો. **(10)**

**અથવા**

પૂર્ણ હરિફાઈના વિવિધ લક્ષણો ચર્ચો.

**પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ)** **(15)**

1. સીમાન્ત ઉત્પાદનના સિદ્ધાંતની ધારણા
2. સાંકેતિક વ્યાજદર અને વાસ્તવિક વ્યાજદર
3. આવકની અસમાનતા માટેના કારણો
4. ઈજારાનું નિયમન
5. સ્થિરખર્ચ અને અસ્થિરખર્ચ
6. બજારની માંગ નક્કી કરતાં પરિબળો

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: _______________ |
| **પાઠયક્રમ** | : આંકડાશાસ્ત્રનાં મૂળતત્વો **(ECO-07)** | **Numerical Code: 0017** |
| **તારીખ** | : **09/03/2015** | |
| **સમય** | : **12.30 to 02.00** | |
| **સૂચના** | : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. | **કુલ ગુણ : 35** |

---

**પ્રશ્ન-1** આંકડાશાસ્ત્રની ઉપયોગિતા ચર્ચો અને તેની મર્યાદાઓ સમજાવો. **(10)**

**અથવા**

પ્રાથમિક માહિતી એકઠી કરવાની રીતો ચર્ચો.

**પ્રશ્ન-2** નીચેની શ્રેણીમાં એક કંપનીના 600 કર્મચારીની માસિક આવકનું વિતરણ આપવામાં આવ્યું છે. **(10)**

| માસિક આવક (રૂ.)માં | કર્મચારીઓની સંખ્યા |
|---|---|
| 75 થી ઓછી | 69 |
| 75-150 | 167 |
| 150-225 | 207 |
| 225-300 | 65 |
| 300-375 | 58 |
| 375-450 | 24 |
| 450 થી ઉપર | 10 |

(a) $D_2$, $P_{25}$, $Q_3$ અને મધ્યસ્થ શોધો.

(b) આપેલા કર્મચારીઓમાંથી મધ્યનાં 50% કર્મચારીઓની આવકની સીમાઓ શોધો.

**અથવા**

એક શહેરના અમુક વિસ્તારનાં 500 કુટુંબોની અઠવાડિક આવકનું આવૃત્તિ વિવરણ નીચે પ્રમાણે મળ્યું છે કાર્લ પિયર્સનનો વિષમતાંક મેળવો.

| અઠવાડિક આવક રૂ. | કુટુંબની સંખ્યા |
|---|---|
| 200-299 | 3 |
| 300-399 | 61 |
| 400-199 | 118 |
| 500-599 | 139 |
| 600-699 | 126 |
| 700-799 | 51 |
| 800-899 | 2 |

**પ્રશ્ન-3 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(10)**

1. ગૌણ માહિતીનાં ઉદ્દભવસ્થાનોની ચર્ચા કરો.
2. સારા સાંખ્યિકીય એકમના લક્ષણો જણાવો.
3. આદર્શ સરેરાશના લક્ષણો જણાવો.
4. પ્રમાણ્ય વક્રના ગુણધર્મો લખો.
5. લોરેન્ઝ વક્ર સમજાવો.

**પ્રશ્ન-4 બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

1. અસતત ચલનું ઉદાહરણ આપો.
   A. વસ્તુની કિંમત B. વ્યકિતની ઊંચાઈ C. છોડ દીઠ ફૂલોની સંખ્યા D. કોઈ શહેરનું તાપમાન
2. એક વર્ગની મધ્યકિંમત 110 અને વર્ગલંબાઈ 30 છે, તો તે વર્ગની ઊર્ધ્વસીમા શોધો.
   A. 125 B. 105 C. 140 D. 80
3. મધ્યવર્તી સ્થિતિનું આદર્શ માપ જણાવો.
   A. મધ્યસ્થ B. મધ્યક C. બહુલક D. સરેરાશ વિચલન
4. દશાંશકોની સંખ્યા કેટલી હોય છે.
   A. 10 B. 9 C. 11 D. 8
5. એક આવૃત્તિ વિવરણની વિષમતા શૂન્ય છે જો $Q_3+Q_1=120$ હોય તો મધ્યસ્થ શોધો.
   A. 120 B. 0 C. 60 D. 100

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: _______________ |
| **પાઠ્યક્રમ** | : કંપની લૉ **(ECO-08)** | **Numerical Code: 0018** |
| **તારીખ** | : **05/03/2015** | |
| **સમય** | : **03.00 to 04.30** | |
| **સૂચના** | : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. | **કુલ ગુણ : 35** |

---

**પ્રશ્ન-1** ખાનગી અને જાહેર કંપની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **(10)**

**અથવા**

વિજ્ઞાપનપત્રમાં ઉલ્લેખવામાં આવતી બાબતો જણાવો.

**પ્રશ્ન-2** શેર અને ડિબેન્ચર્સ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **(10)**

**અથવા**

કંપની સેક્રેટરીની જવાબદારીઓ વર્ણવો.

**પ્રશ્ન-3 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(10)**

1. બિન નફા માટે રચાયેલ મંડળો
2. પ્રવર્તકોનાં કાર્યો
3. સત્તાની ઉપરવટનો સિદ્ધાંત
4. શેરોને ઊંચી કિંમતે બહાર પાડવા
5. સભાની કાર્યનોંધ (Minutes)

**પ્રશ્ન-4 બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.** **(05)**

1. જાહેર કંપનીમાં લઘુત્તમ સભ્ય સંખ્યા .................. હોય છે.

   A. 10　　B. 8　　C. 7　　D. 2

2. મેમોરેન્ડમ ઑફ એશોસિયેશનની .............. કલમમાં કંપનીની કુલ મૂડી દર્શાવવામાં આવે છે.

   A. મૂડીની કલમ　　B. નામની કલમ　　C. હેતુની કલમ　　D. સંગઠનની કલમ

3. રૂપાંતરપાત્ર ડિબેંચરનું...............માં રૂપાંતર થાય છે.

   A. ઈકિવટી શેર　　B. પ્રેફરન્સ શેર　　C. જાહેર થાપણ　　D. લોન

4. કંપની સેક્રેટરીએ કંપનીનો .................. છે.

   A. લેણદાર　　B. દેવાદાર　　C. અધિકારી　　D. માલિક

5. ખાસ ઠરાવ.................બહુમતિથી મંજૂર થવો જરૂરી છે.

   A. ½　　B. ¾　　C. $^{1}/_{5}$　　D. $^{7}/_{8}$

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** **Numerical Code B.com.: 0002**

નોંધણી નંબર: _______________

**પાઠયક્રમ** : મુદ્રા, બૅન્કિગ અને નાણાંકીય સંસ્થાઓ **(ECO-09)** **Numerical Code: 0019**

**તારીખ** : **05/03/2015**

**સમય** : **04.30 to 06.00**

**સૂચના** : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. **કુલ ગુણ : 35**

---

**પ્રશ્નઃ–1** નાણાંનો અર્થ આપી આધુનિક મૂડીવાદી અર્થવ્યવસ્થામાં નાણાંનું મહત્વ દર્શાવો. **(10)**

**અથવા**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વિવિધ કાર્યો ચર્ચો.

**પ્રશ્નઃ–2** બિન બેંકિંગ નાણાંકીય મધ્યસ્થીઓ એટલે શું? તેના પ્રકારો જણાવો. **(10)**

**અથવા**

નાણાં બજાર અને મૂડી બજાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**પ્રશ્નઃ–3 (અ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(10)**

1. વિશ્વબેંક
2. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા
3. મધ્યસ્થ બેંક અને વાણિજય બેંક વચ્ચેનો તફાવત
4. માંગ પ્રેરિત ફુગાવો

**(બ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.** **(05)**

1. સ્વદેશી વ્યાપાર અને વિદેશ વ્યાપાર તે બંનેના વિસ્તરણમાં નાણું મદદ કરે છે?
2. શાખા–નિયંત્રણ અને નાણાં પૂરવઠાના નિયંત્રણ દ્વારા ફુગાવો નિયંત્રણમાં આવી શકે.
3. રાષ્ટ્રીયકરણે વાણિજય બેંકોની કાર્યક્ષમતા વધારી છે.
4. એલ. આઈ. સી એ નિયંત્રીત કંપની છે.
5. આંતરરાષ્ટ્રીય તરલતાની માંગ દેશની લેણ–દેણની તુલાની અસમતુલામાંથી ઉદ્દભવે છે.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: ______________ |
| **પાઠ્યક્રમ** | : પડતરનાં તત્ત્વો **(ECO-10)** | **Numerical Code: 0020** |
| **તારીખ** | : **07/03/2015** | |
| **સમય** | : **11.00 to 12.30** | |
| **સૂચના** | : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. | **કુલ ગુણ : 35** |

---

**પ્રશ્ન-1 નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **(07)**

1. પડતરના હિસાબો, સંચાલકીય નિર્ણય માટે માહિતી પૂરી પાડે છે.
2. જો સાધનો મર્યાદિત હોય તો ઉત્પાદન પડતર નીચી હશે.
3. ઘાલખાધ એ વેચાણની પડતર કે ખર્ચ છે.
4. પડતર પર અંકુશ એટલે કંપની માટે નફાની ઓછી રકમ.
5. પડતરના હિસાબો મુજબનો નફો શોધવા માટે પડતરમાં ઓછા વસૂલ થયેલ કારખાના પરોક્ષખર્ચ નાણાકીય હિસાબો મુજબના નફામાં ઉમેરવા જોઈએ.
6. જોબ પડતર પદ્ધતિમાં કારકુની કામ ઓછું હોય છે.
7. ઘણાં કરારો એવા હોય છે જેને પૂર્ણ કરતાં વર્ષો લાગે છે.

**પ્રશ્ન-2 કોઈ બે ના ઉત્તર આપો.** **(14)**

1. નીચેની વિગતો પરથી આર્થિક વરદી જથ્થો શોધો.
   - માસિક વપરાશ 500 એકમો
   - એકમદીઠ માલની પડતર □ 2.50
   - એકમદિઠ મૂકવાનો ખર્ચ □ 15
   - માલ નિભાવવાનો વાર્ષિક ખર્ચ 20%
2. જૂથ બોનસ યોજના વિશે નોંધ લખો.
3. સ્ટોક મૂલ્યાંકનની ભારીત સરેરાશ વિશે નોંધ લખો.
4. પડતર હિસાબી પદ્ધતિના ફાયદાઓ જણાવો.

**પ્રશ્ન-3 કોઈપણ બે ના ઉત્તર લખો.** **(14)**

1. જોબ અને કરાર પદ્ધતિ વચ્ચેનો તફાવત
2. પડતરના હિસાબો અને નાણાંકીય હિસાબો વચ્ચે ઉદ્દભવતા તફાવતના મુખ્ય કારણો જણાવો.
3. 'ટેન્ડર પત્રક' વિશે નોંધ લખો.
4. તા. 31/12/2014ના રોજ કરાર ખાતાવહીમાંથી કરાર નં. 27 ના સંદર્ભમાં મેળવવામાં આવેલ તે પરથી કરાર ખાતું તૈયાર કરો.
   - પ્રત્યક્ષ માલસામાન □ 36,500
   - મજૂરી □ 17,210
   - પ્રત્યક્ષ ખર્ચ □ 6,710
   - સ્થાપના ખર્ચ □ 8,000
   - પ્લાન્ટ–યંત્રો □ 34,200
   - ભંગારનું વેચાણ □ 1,820
   - પેટા કરારની પડતર □ 7,210

તા. 31/12/2014ની બાકીઓ નીચે મુજબ છે.

1. ચૂકવવાની બાકી મજૂરી □ 800, પ્રત્યક્ષ ખર્ચા □ 1120
2. પ્રમાણિત કામ □ 62,500, જે 5/8 ભાગનું છે.
3. કરારની કુલ કિંમત □ 1,00,000 હતી.
4. તા. 31/12/2014 સુધીનો ઘસારો □ 8550 છે.
5. કરારની જગ્યાએ માલસામાન □ 10,000 નો છે.
6. બિનપ્રમાણિત કામ □ 4580 છે.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: ______________ |
| **પાઠયક્રમ** | : આયકરનાં તત્ત્વો **(ECO-11)** | **Numerical Code: 0021** |
| **તારીખ** | : **07/03/2015** | |
| **સમય** | : **12.30 to 02.00** | |
| **સૂચના** | : નીચેના બધા જ પ્રશ્નોના જવાબ આપો. | **કુલ ગુણ : 35** |

---

**પ્રશ્નઃ–1 નીચેના પદોની વ્યાખ્યા આપો. (ગમે તે પાંચ)** **(10)**

1. આકારણી વર્ષ
2. આવક
3. કરદાતા
4. આકસ્મિક આવક
5. મહેસૂલી આવક
6. કરમુક્ત આવક
7. ડિવિડન્ડ
8. મૂળ સ્થાનેથી કપાયેલ આવકવેરો (T.D.S.)

**પ્રશ્નઃ–2 નીચેના દાખલા ગણો. (ગમે તે ત્રણ)** **(15)**

(અ) શ્રીમાન માલેતુજાર કેનેડાના નાગરિક છે, તેઓ છેલ્લા 10 વર્ષથી ભારત પ્રવાસે નિયમિત આવે છે. તેઓ આ છેલ્લા 10 વર્ષમાં માત્ર સપ્ટેમ્બર, ઓકટોબર અને નવેમ્બર માસમાં ભારત દર વર્ષે આવેલ છે. આકારણી વર્ષ 2012-13 માટે શ્રીમાન માલેતુજારનો રહેઠાણનો દરજ્જો જણાવો.
શું તેઓ દર વર્ષે ભારત ઓકટોબર, નવેમ્બર અને ડિસેમ્બર માસમાં આવતા હોત તો તેમના રહેઠાણનાં દરજ્જામાં કોઈ ફેર પડત ખરો? તમારો જવાબ વાજબી કરણો સહિત જણાવો.

(બ) શ્રી જેઠાલાલ તારીખ : 31મી જુલાઈ 2012નાં રોજ એક કંપનીના શેર રૂા. 4,50,000માં વેચે છે, અને વેચાણનાં ખર્ચ રૂા. 25,000 આ સંદર્ભમાં થાય છે આ શેર 15મી ડિસેમ્બર 2010ના રોજ તેઓ નેશનલ રૂરલ ડેવલપમેન્ટ બોન્ડઝ રૂા. 1,25,000 માં ખરીદે છે તથા UTI કેપિટલ ગેઈન્ઝ યુનિટ રૂા. 45,000 માં ખરીદે છે. કરપાત્ર મૂડી નફો ગણો.

(ક) શ્રીમાન મદનમોહન એક પેઢીમાં 32 વર્ષ અને 6 માસ નોકરી કર્યા બાદ નિવૃત થાય છે. તેઓ નિવૃત્તિ તારીખ : 31/03/2014નાં રોજ રૂા. 12,15,000ની ગ્રેજયુઈટી પ્રાપ્ત કરે છે તેમની નિવૃત્તિ પહેલાંનાં 10 માસની સરેરાશ માસિક પગારની આવક રૂા. 48,000 છે. શ્રીમાન મદન મોહન માટે કરપાત્ર ગ્રેજયુઈટી કેટલી થશે?
જો શ્રીમાનને મળેલ ગ્રેજયુઈટીની રકમ રૂા. 7,68,000 હોત તો તમારા જવાબમાં શું ફેર પડત.

(ડ) શ્રી યુધિષ્ઠિરે તા. 01/05/2012ના રોજ રૂા. 20,000ના 15%ના શકુનિ લિમીટેડના ડિબેન્ચર્સ (કરમુકત) ખરીદ્યા હતાં. (T.D.S.નો દર 20% છે) આ ડિબેન્ચર્સ પર વાર્ષિક વ્યાજ 31/12/2012ના રોજ ચૂકવાય છે તા.15/01/2013ના રોજ તેઓ રૂા. 20,000ની રકમ જુગારમાં હારી જાય છે અને તેને પરિણામે ભીષ્મ લિમીટેડના ડિબેન્ચર રૂા. 18,500માં વેચી દે છે.
આકારણી વર્ષ : 2013-14 માટે 'અન્ય સાધનોની આવક' ના શિર્ષક હેઠળ તેમની કરપાત્ર આવક કેટલી નક્કી થઈ હશે?

**પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(10)**

1. કલમ : 80(બ) હેઠળ કપાતો
2. સ્વયં આકારણી
3. કરમુક્ત મૂડી નફો
4. આકારણી પ્રક્રિયા

---